અરજન્ટ બિઝનેશ આ.નં.૦૧

પરિપત્ર નં.૦૪
આ.નં.૦૪

જ.બો.ઠ.નં.૧૯ તા.૨૦/૦૮/૨૦૨૬

રાઈડસ ધારકોને જગ્યા ફાળવવા અને તેની નીતિ નિયત કરવા, અઠવાડિક બજારો માટે જગ્યા ફાળવવા અને તેની નીતિ નિયત કરવા, હોકર્સ ફ્રી રોડ જાહેર કરવા તથા હોકર્સ ઝોન અને હોકર્સ અંગેની અન્ય નીતિવિષયક બાબતો નિયત કરવા અંગે માર્કેટ સમિતિ ઠ.નં.૦૪ તા.૨૦/૦૮/૨૦૨૬ લક્ષમાં લેવામાં આવે છે.

રાજકોટ શહેરના ભૌગોલિક વિસ્તારની સાથોસાથ શહેરમાં વાહન વ્યવહારમાં ઉતરોતર વધારો થવાના કારણે શહેરના માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ઉદભવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી ફેરિયાઓની પ્રવૃતિના નિયમન માટે વર્ષ ૨૦૧૪માં હોકર્સ ઝોન બનાવવામાં આવેલ છે. ત્યારબાદ ઉતરોતર હોકર્સની સંખ્યામાં વધારો થઇ રહેલ છે. જેથી હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા, હોકર્સને રોજગારી મળી રહે તે માટે નવા હોકર્સ ઝોન બનાવી, હોકર્સને વૈકલ્પિક જગ્યા ફાળવવી જરૂરી જણાય છે. ઉપરાંત શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થાય તે માટે હોકર્સની પ્રવૃતિનું નિયમન કરવું જરૂરી જણાય છે જે સમગ્ર બાબતો ધ્યાને લેતા હોકર્સ અંગેની એક સર્વગ્રાહી નીતિ તૈયાર કરવા અંગે તા.૨૦/૦૭/૨૦૨૬ની સામાન્ય સભામાં સભ્યશ્રીઓની રજુઆતના અનુસંધાને હુકમ નં.રા.મ.ન.પા./દ.હ.વિ./જા.નં.૩૫૮, તા.૧૦/૦૮/૨૦૨૬થી આ કામે એક સમિતિની રચના કરવામાં આવેલ છે. સદરહુ સમિતિ દ્વારા સમગ્ર વિગતોનો અભ્યાસ કરવામાં આવેલ છે અને સમયાંતરે બેઠકો યોજી, ચર્ચા વિચારણા કરવામાં આવેલ છે. જે સમગ્ર વિગતોના આધારે નીચેની વિગતે કાર્યવાહી કરવા યોગ્ય જણાય છે:

<u>રાઈડસ ધારકો માટેના હોકર્સ ઝોન બનાવવા બાબત:</u>

1. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણેય ઝોનમાં રાઈડસ ધારકો માટેના એક-એક હોકર્સ ઝોન બનાવી, ૦૨(બે) વર્ષ માટે રાઈડસ ધારકોને જગ્યા ફાળવવામાં આવશે.
2. આ કામે જાહેરાત આપી અરજીઓ મંગાવી, ડ્રોથી રાઈડસ ધારકોની પસંદગી કરવાની રહેશે.
3. રાઇડસ ધારકો માટેના આ હોકર્સ ઝોનમાં, હાલમાં રેસકોર્ષમાં જગ્યા ફાળવવામાં આવેલ રાઈડસ ધારકોને અગ્રતા આપી, તેમનો સમાવેશ કરવાનો રહેશે અને ત્યારબાદ ખાલી રહેતી જગ્યામાં અન્ય રાઈડસ ધારકોને સમાવિષ્ટ કરવાના રહેશે.
4. એક પરિવારમાંથી એક જ સભ્યને જગ્યા ફાળવવામાં આવશે, જે હાલના તથા નવા તમામ રાઈડસ ધારકોને નવી જગ્યાની ફાળવણીના કિસ્સામાં ચુસ્તપણે લાગુ પાડવાની રહેશે.
5. જગ્યા ફાળવવા માટે જે રાઈડસ ધારકોની પસંદગી કરવામાં આવે, તે રાઈડસ ધારકોએ દરેક પ્લોટ વાઈઝ એક **AOP** બનાવવાનું રહેશે.
6. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાઈડસ ધારકોને **AOP** મારફત પ્લોટ ફાળવણી કરવામાં આવશે.
7. **AOP**ના હોદ્દેદારો દ્વારા જે-તે હોકર્સ ઝોનનું સુચારૂ સંચાલન કરવાનું રહેશે.
8. **AOP** દ્વારા પ્રતિ સભ્ય દીઠ રૂ.૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) મુજબની ડીપોઝીટની રકમ રાજકોટ મહાનગરપાલિકામાં એડવાન્સ ભરપાઈ કરવાની રહેશે.
9. સ્થાનિકે ગંદકી કરવાના કિસ્સામાં સંબંધિત હોકર્સને પ્રત્યેક કિસ્સામાં રૂ.૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા) મુજબની પેનલ્ટી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.
10. રાઈડસ ધારકોએ ત્રણ મહિનાનું એડવાન્સ ભાડુ જે તે ક્વાર્ટરની શરૂઆતના દિન-૭(સાત)માં રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાનું રહેશે. ક્વાર્ટરની શરૂઆતના દિન-૩૦(ત્રીસ) સુધીમાં એડવાન્સ ભાડુ નહિ ભરવાના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંબંધિત રાઈડસ ધારકને ભાડા ઉપરાંત રૂ.૨૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા)ની પેનલ્ટી કરવામાં આવશે. દિન-૩૦(ત્રીસ) બાદ પણ ભાડુ નહિ ભરવાના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંબંધિત રાઈડસ ધારકની જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે.
11. રાઈડસ ધારકોએ સરકારશ્રીની રાઈડ સેફ્ટી & ઈન્સપેક્શન કમિટીનું લાયસન્સ/મુક્તિ પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને તેને વખતોવખત રીન્યુ કરાવવાનું રહેશે. તેમજ સદરહુ લાયસન્સ/મુક્તિ પ્રમાણપત્રની નકલ **AOP** મારફત રાજકોટ મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. રાઈડ સેફ્ટી & ઈન્સપેક્શન કમિટીનું લાયસન્સ/મુક્તિ પ્રમાણપત્ર મળ્યા બાદ જ રાઈડ શરૂ કરી શકાશે. લાયસન્સ વગરની કોઈ પણ રાઈડસને ચલાવવાની મંજુરી આપવામાં આવશે નહિ. રાઈડસ ધારકો દ્વારા લાયસન્સ વગરની કોઈ પણ રાઈડસ ચલાવવામાં આવે નહિ, તે બાબત **AOP**ના હોદ્દેદારોએ સુનિશ્ચિત કરવાની

રહેશે. લાયસન્સ વગર રાઈડ ચલાવવાના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે-તે રાઈડસ ધારકની જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે.

12. સરકારશ્રીની રાઈડ સેફ્ટી & ઈન્સ્પેક્શન કમિટીની વખતોવખતની સુચનાઓ અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી જે-તે રાઈડસ ધારકની રહેશે તેમજ તેનું ચુસ્તપણે પાલન કરાવવાની જવાબદારી જે-તે AOPના હોદ્દેદારોની રહેશે. રાઈડ સેફ્ટી & ઈન્સપેક્શન કમિટીની સુચનાનું પાલન નહી કરવાના કારણે કોઈ પણ પ્રકારની પરિસ્થિતિ ઉદભવે તેની સઘળી જવાબદારી જે-તે રાઈડસ ધારકની રહેશે. જેમાં રાજકોટ મહાનગરપાલિકાની ક્યારેય કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.
13. રાઈડસ ધારકોએ સરકારશ્રીના નિયમો તથા રાઈડ સેફ્ટી & ઈન્સ્પેક્શન કમિટીની સુચના મુજબ રાઈડસનું ઓપરેશન અને મેઇન્ટેનન્સ નિયમિતપણે કરાવવાનુ રહેશે તેમજ સ્થાનિકે સંપુર્ણપણે સેફ્ટી જળવાઈ રહે તે મુજબ જ રાઈડસ ચલાવવાની રહેશે. રાઈડસ ચલાવતા દરમ્યાન કે અન્ય કોઈ પણ રીતે કોઈ પણ પ્રકારનો અકસ્માત થાય કે જાનહાનિ થાય કે માલ મિલકતને નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે રાઈડસ ધારકની રહેશે, જે અંગે રાજકોટ મહાનગરપાલિકાની ક્યારેય પણ, કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.
14. રાજકોટ મહાનગરપાલિકાના અધિકૃત અધિકારીશ્રીઓ સદરહુ હોકર્સ ઝોનની મુલાકાત લઈ, રાઇડ્ઝ ધારકોને જરૂરી સુચના આપી શકશે, જે સુચનાનું AOPના હોદ્દેદારોએ તથા રાઈડસ ધારકોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક રાઈડ માટે ઓછામાં ઓછી ૧૦૦ ચો.ફુટ અને વધુમાં વધુ ૫૦૦ ચો.ફુટ જગ્યા ફાળવવામાં આવશે.
16. રાઈડસ ધારકો માટે માસિક ભાડાની રકમ નીચે મુજબ રહેશે. ભાડાની રકમ ઉપરાંત સરકારશ્રીના વખતોવખતના પ્રવર્તમાન નિયમોનુસારની જી.એસ.ટી.ની રકમ રાઈડસ ધારકોએ રાજકોટ મહાનગરપાલિકામાં અલગથી ભરપાઈ કરવાની રહેશે.

જગ્યાની વિગત	ભાડાની રકમ પ્રતિ માસ(રૂ.)
૧૦૦ ચો. ફુટ	રૂ.૫૦૦/-
૧૦૧ થી ૨૦૦ ચો. ફુટ સુધી	રૂ.૧૦૦૦/-
૨૦૧ થી ૩૦૦ ચો. ફુટ સુધી	રૂ.૨૦૦૦/-
૩૦૧ થી ૪૦૦ ચો. ફુટ સુધી	રૂ.૨૫૦૦/-
૪૦૧ થી ૫૦૦ ચો. ફુટ સુધી	રૂ.૩૦૦૦/-

17. રાઈડની સાઈઝ મોટી હોય તો ખાસ કિસ્સામાં ૫૦૦ ચો. ફુટથી વધુ જગ્યા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવશે. પરંતુ, ૧૦૦૦ ચો. ફુટથી વધુ જગ્યા કોઇ પણ સંજોગોમાં ફાળવી શકાશે નહિ. સદરહુ કિસ્સામાં ૫૦૦ ચો. ફુટથી વધારાની પ્રત્યેક ૧૦૦ ચો. ફુટ જગ્યા માટે રૂ.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા) મુજબ માસિક ભાડુ તથા જી.એસ.ટી. રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાના રહેશે.
18. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાઈડસ ધારકો પાસેથી ઉક્ત ભાડાની રકમ ઉપરાંત રૂ.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા) પ્રતિ માસ + જી.એસ.ટી. મુજબ સફાઈ ચાર્જ વસુલવામાં આવશે.
19. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાઈડસ ધારકો માટે નીચે મુજબના ત્રણ પ્લોટ હોકર્સ ઝોન માટે ફાળવવામાં આવશે :

ક્રમ	ઝોન	પ્લોટની વિગત	પ્લોટનું માપ (ચો.મી)
૧	સેન્ટ્રલ	જામનગર રોડ, ટી.પી.૯, વાંકાનેર સોસાયટી પાસે	૨૭૦૯
૨	વેસ્ટ	યુનિવર્સિટી ગેઈટની બાજુનો પ્લોટ, યુનિવર્સિટી રોડ ટી.પી.૧૬(રૈયા) એફ.પી.૮૬/સી	૬૯૫૩
૩	ઇસ્ટ	મોરબી રોડ, જકાતનાકા પાસે,ટી.પી.૧૨ એફ.પી.૧૦૪	૩૩૮૮

ઉક્ત વિગતેના પ્લોટ પૈકી સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના પ્લોટ સિવાયના પ્લોટ હાલ તદ્દન હંગામી ધોરણે ફાળવવાના રહેશે. ત્યારબાદ સદરહુ હોકર્સ ઝોનને શહેરમાં ઉપલબ્ધ સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના પ્લોટમાં તબદીલ(સ્થળાંતર) કરવાની કાર્યવાહી કરવાની રહેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોકર્સને આ કામે

ફાળવવામાં આવનાર પ્લોટ પર ધંધો-વ્યવસાય કરવા માટે હોકર્સનો ક્યારેય પણ, કોઇ પણ પ્રકારનો કાયમી હક્ક દાવો રહેશે નહિ તેમજ રાજકોટ મહાનગરપાલિકા ભવિષ્યમાં જરૂર જણાય તે હેતુ માટે સદરહુ પ્લોટ ઉપયોગમાં લઈ શકશે.

<u>અઠવાડિક બજારો માટેની જગ્યાઓ નિયત કરવા બાબત:</u>

શહેરમાં હાલ જુદા જુદા સ્થળોએ રાજકોટ મહાનગરપાલિકાના પ્લોટમાં અથવા રોડ પર થતી અઠવાડિક બજારોના કારણે ટ્રાફિક, ગંદકી અને સ્થાનિક રહેવાસીઓને પરેશાની જેવી સમસ્યાઓ ઉદભવે છે. જેથી શહેરમાં રાજકોટ મહાનગરપાલિકાના પ્લોટમાં અથવા રોડ પર થતી અઠવાડિક બજારો બંધ કરી, નીચે મુજબના સ્થળોએ અઠવાડિક બજારો માટે જગ્યા ફાળવવાની રહેશે.

1. અઠવાડિક બજારના હોકર્સે દર મહિનાની તા. ૦૧ થી ૦૫ સુધીમાં માસિક વહીવટી ચાર્જ રૂ.૨૦૦/-(અંકે રૂપિયા બસ્સો પુરા) લેખે પ્રતિ બજાર મુજબ, રાજકોટ મહાનગરપાલિકામાં એડવાન્સમાં ભરપાઈ કરવાનો રહેશે.
2. અઠવાડિક બજારના હોકર્સે જે-તે માસની તા.૦૫ બાદ ચાર્જ ભરપાઈ કરવાના કિસ્સામાં ભાડુ ઉપરાંત રૂ.૪૦/-(અંકે રૂપિયા ચાલીસ પુરા) લેખે પ્રતિ બજાર પ્રતિ દિન મુજબની પેનલ્ટી, રાજકોટ મહાનગર પાલિકામાં ભરપાઈ કરવાની રહેશે.(વધુમાં વધુ રૂ.૨૦૦/- પ્રતિ બજારની મર્યાદામાં)
3. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા, જે-તે માસની તા.૧૦ સુધીમાં વહીવટી ચાર્જ નહિ ભરનાર હોકર્સને અઠવાડિક બજારમાં ધંધો કરવાની મંજુરી આપવામાં આવશે નહિ.
4. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અઠવાડિક બજાર માટે નીચે મુજબના પ્લોટ ફાળવવામાં આવશે. ફાળવેલ પ્લોટ સિવાયના, શહેરના કોઈ પણ સ્થળે અઠવાડિક બજારની મંજુરી આપવામાં આવશે નહિ.

ક્રમ	ઝોન	પ્લોટની વિગત	પ્લોટનું માપ(ચો.મી.)
૧	સેન્ટ્રલ	એ.ડી.બી. હોટેલ સામે, રિંગ રોડ, રેલનગર ટી.પી.૨૪ રાજકોટ એફ.પી.નં.૧૨૧-એ	૨૭૦૯
૨	વેસ્ટ	ન્યારી ડેમ રોડ, કાલાવડ રોડ, ટી.પી.નં.૦૯, મોટા મવા મુંજકા એફ.પી.૧૬/A	૫૩૮૮
૩	ઇસ્ટ	મોરબી રોડ ટી.પી.૧૨, રાજકોટ એફ.પી.નં.૧૦૦	૩૩૮૮
૪	વેસ્ટ	ટી.પી.નં.૨૮-મવડી.એફ.પી.નં.૪૬/એ,પીરામીડ પાર્ટી પ્લોટ નજીક, કણકોટ રિંગ રોડ,બીજા રિંગ રોડ નજીક	૯૬૭૮

ઉક્ત વિગતેના પ્લોટ પૈકી સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના પ્લોટ સિવાયના પ્લોટ હાલ તદ્દન હંગામી ધોરણે ફાળવવાના રહેશે. ત્યારબાદ સદરહુ હોકર્સ ઝોનને શહેરમાં સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના ઉપલબ્ધ પ્લોટમાં તબદીલ(સ્થળાંતર) કરવાની કાર્યવાહી કરવાની રહેશે. આ કામે ફાળવવામાં આવનાર પ્લોટ પર ધંધો-વ્યવસાય કરવા માટે હોકર્સનો ક્યારેય પણ, કોઈપણ પ્રકારનો કાયમી હક્ક દાવો રહેશે નહિ તેમજ રાજકોટ મહાનગર પાલિકા ભવિષ્યમાં જરૂર જણાય તે હેતુ માટે સદરહુ પ્લોટ ઉપયોગમાં લઈ શકશે.

<u>હોકર્સ ફ્રી માર્ગો જાહેર કરવા બાબત:</u>

શહેરના નીચે મુજબના મુખ્ય માર્ગો પર કોઈ પણ પ્રકારના હોકર્સને ઉભા રહેવાની મંજુરી આપવામાં આવશે નહિ :

ક્રમ	રોડનું નામ	ઝોન
૧	યુનિવર્સિટી રોડ(કોટેચા ચોક થી યુનિવર્સિટી ગેઇટ સુધી)	વેસ્ટ
૨	રૈયા રોડ(કિશાનપરા ચોક થી સાધુ વાસવાણી રોડ સુધી)	સેન્ટ્રલ, વેસ્ટ
૩	નાના મવા મેઈન રોડ(લક્ષ્મીનગર નાલા થી મોકાજી સર્કલ સુધી)	વેસ્ટ
૪	પુષ્કરધામ મેઈન રોડ(યુનિવર્સિટી રોડ થી કાલાવડ રોડ સુધી)	વેસ્ટ
૫	નાણાવટી ચોકથી મીરાનગર મેઈન રોડ	વેસ્ટ
૬	સાધુ વાસવાણી રોડ(યુનિવર્સિટી રોડ થી રૈયા રોડ સુધી)	વેસ્ટ
૭	સોનીબજાર રોડ	સેન્ટ્રલ

૮	ધર્મેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, ઘી કાંટા રોડ	સેન્ટ્રલ
૯	પરાબજાર રોડ	સેન્ટ્રલ
૧૦	કેનાલ રોડ(લોધાવાડ ચોક થી જિલ્લા ગાર્ડન સુધી)	સેન્ટ્રલ
૧૧	ડૉ.યાજ્ઞિક રોડ(ત્રિકોણબાગ થી જિલ્લા પંચાયત ચોક સુધી)	સેન્ટ્રલ
૧૨	જંકશન સ્ટેશનવાળો રોડ (હોસ્પિટલ ચોક બ્રિજ થી પોપટપરા નાલા સુધી)	સેન્ટ્રલ
૧૩	ગુંદાવાડી મેઈન રોડ	સેન્ટ્રલ
૧૪	ઢેબરભાઇ રોડ(ત્રિકોણ બાગ થી પી.ડી.એમ ફાટક સુધી)	સેન્ટ્રલ
૧૫	કસ્તુરબા રોડ(જ્યુબીલી થી બહુમાળી ભવન ચોક સુધી)	સેન્ટ્રલ
૧૬	કુવાડવા રોડ(હોસ્પીટલ ચોક થી ગ્રીનલેન્ડ ચોકડી સુધી)	ઈસ્ટ
૧૭	પેડક રોડ(ભાવનગર રોડ થી પેડોક સુધી)	ઈસ્ટ
૧૮	સંત કબીર રોડ(ભાવનગર રોડ થી માર્કેટીંગ યાર્ડ સુધી)	ઈસ્ટ
૧૯	કોઠારીયા રોડ(માનવ આશ્રમ થી રણુજા મંદિર સુધી)	ઈસ્ટ
૨૦	આડો પેડક રોડ(ગોધેશ્વર મંદિર થી સંત કબીર નાલા સુધી)	ઈસ્ટ
૨૧	કોઠારીયા સોલ્વંટ રોડ(માલધારી ફાટક થી દરગાહ સુધી)	ઈસ્ટ
૨૨	અમીન માર્ગ(રેલ્વે ટ્રેક થી સૌરાષ્ટ્ર હાઈસ્કુલ રોડ સુધી)	વેસ્ટ
૨૩	અક્ષર માર્ગ(કાલાવડ રોડ થી નાના મવા રોડ સુધી)	વેસ્ટ

ઉક્ત રોડ પૈકી કોઈ રોડ પર હોકર્સ ઝોન આવેલ હોય તો તે હોકર્સ ઝોન આગામી ૦૩(ત્રણ) મહિનાના સમયગાળામાં નજીકના ઉપલબ્ધ પ્લોટમાં તબદીલ(સ્થળાંતર) કરવાના રહેશે.

<u>હોકર્સ ઝોન અને હોકર્સ અંગેની અન્ય નીતિવિષયક બાબતો નિયત કરવા બાબત :</u>

1. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં હવે પછી નવા બનનાર હોકર્સ ઝોનમાં ૮૦% જગ્યા શાકભાજી, ફુટ અને કટલેરીના ફેરિયાઓ માટે તથા બાકીની ૨૦% જગ્યા અન્ય ફેરિયાઓ માટે અનામત રાખવાની રહેશે.
2. ઉક્ત વિગતેની બાકીની ૨૦% જગ્યામાં શહેરમાં ફેરી કરીને ધંધો કરતા પ્રકારના ફેરિયાઓનો જ સમાવેશ કરવાનો રહેશે.
3. હાલના તથા નવા બનનાર તમામ હોકર્સ ઝોનમાં ગેરેજનો વ્યવસાય કરી શકાશે નહિ. રાજકોટ મહાનગર પાલિકાએ હયાત હોકર્સ ઝોનમાં ગેરેજના વ્યવસાય કરતા વ્યવસાયધારકોને દુર કરવાના રહેશે.
4. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોકર્સ ઝોનમાં હાલ હયાત છે એ સિવાયના ચા-પાન, ઈંડા/નોન-વેજના વ્યવસાય માટે કોઇ પણ સંજોગોમાં નવી મંજુરી આપવામાં આવશે નહિ.
5. શહેરમાં હાલ રોડ પર કેટલાક હોકર્સ ઝોન આવેલ છે જેના કારણે ટ્રાફિકના પ્રશ્નો ઉદભવતા હોઇ, રોડ પરના મહત્તમ હોકર્સ ઝોનને આગામી ૦૧(એક) વર્ષના સમયગાળામાં નજીકના ઉપલબ્ધ પ્લોટમાં તબદીલ(સ્થળાંતર) કરવાના રહેશે.
6. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મંજુરી આપવામાં આવેલ હોકર્સને નામ, રજીસ્ટ્રેશન નંબર, હોકર્સ ઝોન વિગેરે જરૂરી તમામ વિગતો સાથે ક્યુ.આર.કોડ વાળા લેમિનેટેડ ઓળખકાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. જે ઓળખકાર્ડ તમામ ફેરિયાઓએ પોતાની રેકડી/કેબિન ઉપર સરળતાથી જોઇ શકાય, વાંચી શકાય તે રીતે ફરજીયાતપણે પ્રદર્શિત કરવાના રહેશે. આ પ્રકારના ઓળખકાર્ડ વિનાના હોકર્સના રેકડી/કેબિન રાજકોટ મહાનગરપાલિકાએ જપ્ત કરવાના રહેશે.
7. રાજકોટ મહાનગરપાલિકાના દંડક, નેતા(શાસક પક્ષ), માર્કેટ સમિતિના ચેરમેનશ્રી અને માર્કેટ સમિતિના સભ્યો કોઇ પણ હોકર્સ ઝોનની મુલાકાત લઈ, ચકાસણી કરી શકશે. ચેરમેનશ્રી કે સભ્યશ્રીઓને સંબંધિત હોકર્સ ઝોન પરત્વે કોઈ બાબત ધ્યાને આવે તો તે અંગે જરૂરી ઠરાવ કે સુચના મારફત તે હોકર્સ ઝોનમાં તે બાબત પરત્વે જરૂરી અમલવારી કરવા અંગે સંબંધિત વિભાગ/વિભાગોના અધિકારી/અધિકારીઓને જણાવી શકશે.

8. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોકર્સ ફ્રી રોડ પર સુપરવિઝન અને ચેકીંગ કરવા માટે દબાણ હટાવ વિભાગના કર્મચારીઓને કામગીરી સોંપવાની રહેશે. હોકર્સ ફ્રી રોડ પર ભવિષ્યમાં રેંકડી-કેબિન ધારકોના દબાણ થયેથી, સંબંધિત કર્મચારીઓની જવાબદારી નિયત કરવાની રહેશે.
9. રાજકોટ મહાનગરપાલિકા હોકર્સ ફ્રી રોડમાં ભવિષ્યમાં જરૂર જણાય તે મુજબના સુધારા-વધારા, ફેરફાર કે ઉમેરો કરી શકાશે.
10. આ પોલિસીનો વખતોવખત રીવ્યુ કરી, પોલિસીમાં જરૂરી સુધારા-વધારા, ફેરફાર કે ઉમેરો કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉક્ત વિગતે, માર્કેટ સમિતિ ઠ.નં.૦૪, તા.૨૦/૦૮/૨૦૨૬ અન્વયે, શહેરમાં રાઈડસ ધારકોને જગ્યા ફાળવવા અને તેની નીતિ નિયત કરવા, અઠવાડિક બજારો માટે જગ્યા ફાળવવા અને તેની નીતિ નિયત કરવા, હોકર્સ ફ્રી રોડ જાહેર કરવા તથા હોકર્સ ઝોન અને હોકર્સ અંગેની અન્ય નીતિવિષયક બાબતો નિયત કરવા અંગે સામાન્ય સભાને ભલામણ કરી, ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભાની તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજ મળનાર મીટિંગ માં અરજન્ટ બિઝનેશ તરીકે રજુ કરવા અંગે ભલામણ કરવામાં આવેલ છે.

માર્કેટ સમિતિ ઠ.નં.૦૪, તા.૨૦/૦૮/૨૦૨૬ લક્ષમાં લઇ પુખ્ત ચર્ચાવિચારણા કરતા, શહેરમાં રાઈડસ ધારકોને જગ્યા ફાળવવા અને તેની નીતિ નિયત કરવા, અઠવાડિક બજારો માટે જગ્યા ફાળવવા અને તેની નીતિ નિયત કરવા, હોકર્સ ફ્રી રોડ જાહેર કરવા તથા હોકર્સ ઝોન અને હોકર્સ અંગેની અન્ય નીતિવિષયક બાબતોને આજની આ સામાન્ય સભા ડ્રાફ્ટ તરીકે પ્રાથમિક તબક્કે મંજુર કરે છે. જે તમામ બાબતોમાં હજુ જરૂરી સુધારા વધારા થઇ શકે તે માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ અખબારમાં જાહેરાત સહિતના માધ્યમો મારફતે જરૂરી સુચનો મંગાવી, જરૂરી સુધારા વધારા સહ, માર્કેટ સમિતિ મારફત આગામી સામાન્ય સભામાં નિર્ણય અર્થે રજુ કરવાનુ ઠરાવવામાં આવે છે.

તા.૨૦/૦૮/૨૦૨૬

દ.મુ.(સહી) જયરાજસિંહ જાડેજા
ટે.આ.(સહી) કૌશિકભાઇ ટાંક

સર્વાનુમતે મંજુર

(સહી)ડૉ.નેહલ શુક્લ
મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

પ્રમાણિત નકલ

(ડૉ.એચ.પી.રૂપારેલીઆ)
મ્યુનિસિપલ સેક્રેટરી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન